# એસ. ટી. ડેપોમાં પાસ બારી બંધ કરાઈ

## બનાસકાંઠામાં એસ.ટી. પાસ શાળા, કોલજમાંથી ફરજ પડતા શિક્ષકો અને છાત્રોની હેરાનગતિ વધી

ગતિશીલ ગુજરાત અંતર્ગત શાળાના વિધાર્થીઓને ને એસ ટી પાસ મેળવવા માટે મુશ્કેલી



ના પડે તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જો કે હાલમાં એસ ટી ડેપો ખાતે વિધાર્થી પાસ બંધ હોવાના લીધે શાળાના વિધાર્થીઓને હાલાકી ભોગવી પડે છે. તો બીજી તરફ એસ ટી પાસ શાળા અને કોલેજમાંથી આપવાનો હોવાથી શિક્ષકોનું કામનું ભારણ વધી જતા શિક્ષકો રોષે ભરાયા છે. શાળાના શિક્ષકોએ વિધાર્થી પાસ શાળા સ્કૂલમાંથી આપવના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. વાતચીતમાં રોષે ભરાયેલા શિક્ષકોએ જણાવ્યું હતું કે જિલ્લાના એસટી તંત્રએ બસ પાસ શાળામાંથી આપવાનો નિર્ણય કર્યો છે તે યોગ્ય નથી. શાળાના શિક્ષકોની હેરાનગતિ વધવાના લીધે શૈક્ષણિક કાર્ય પર અસર પડી રહી છે તેમને વધુ માં જણાવ્યું હતું કે એસ ટી પાસ માટે શાળાના શિક્ષકોએ એસ ટી ડેપો ધક્કા ખાવા પડે છે પાલનપુરના ડેપો મેનેજર પ્રકાશ પટેલ સાથેની વાતચીતમાં પોતાનું નિવેદન અપાતા જણાવ્યું હતું કે ગતિશીલ ગુજરાતના અભિગમને સાકાર કરવા માટે વિધાર્થીને સરળતાથી એસ ટી પાસની સુવિધા મળી રહે તે માટે શાળામાંથી શુરુઆત કરવામાં આવી છે.



# પુત્રીના લગ્ન માટે જરૂરી નાણાની વ્યવસ્થા ન થતા પિતાનો આપઘાત

અમદાવાદ, તા.૨૨

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને જે લોકોના પરિવારમાં લગ્ન છે તે લોકોને વધારે મુશ્કેલી પડી રહી છે. નોટબંધીના કારણે હવે કરૂણ ઘટનાઓ પણ બનવા લાગી છે. આવો જ એક આઘાતજનક બનાવ રાજકોટમાં બની ગયો છે. પુત્રીના લગ્ન માટે નાણા એકઠા ન થતાં પિતાએ આખરે આપઘાત કરી લીધો છે. રાજકોટના આજી વસાહતમાં ખોડિયારનગરમાં રહેતા ૪૫ વર્ષીય ત્રિભોવનભાઈ નાથાભાઈએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. ૫૦૦ અને એક હજાર રૂપિયાની નોટ બંધ થઈ ગયા બાદ તેમના તમામ સગાસંબંધીઓ અને અન્યોએ જુની નોટ લઈ જવા માટે કહ્યું હતું પરંતુ તેમની ચિંતા ઓછી થઈ ન હતી. આખરે તેમને આપઘાત કરી લીધો છે.

ખોડિયારનગરમાં માતાપિતા અને બહેન સહિતના પરિવારજનો સાથે રહેતો અજય ઉ.વ.૨૧ વહેલી સવારે ઉઠ્યો ત્યારે પિતાના રૂમમાં પડદા પાછળ લાઈટ ચાલુ હતી. લાઈટ ચાલુ જોઈ તે ત્યાં જોવા ગયો ત્યાં પિતા લાકડાની આડીમાં બાંધેલી દોરીથી ફાંસો ખાઈ લીધેલી હાલતમાં લટકતા હતા. આ આઘાતજનક નજારો જોઈ તે એકદમ હેબતાઈ ગયો હતો. તેણે બુમો પાડતાં અન્ય પરિવારજનો અને પડોશીઓ દોડી આવ્યાં હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ વાનને જાણ કરતાં તેઓ આવી પહોંચ્યા હતા. જ્યાં ઈએમટી નરેશ સાગઠિયાએ તપાસ કરતાં તેઓ મૃત્યુ પામ્યા હોઈ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરતાં તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પુછપરછ દરમ્યાન અજયે જણાવ્યું હતું કે, મારા પિતા ત્રિભોવનભાઈ અગાઉ ડ્રાઈવિંગ કરતા હતા અને હાલમાં છુટક કામ કરતાં હતા. પાંચ વર્ષ પહેલા બે વખત હાર્ટ એટેક આવતા હાલમાં વધુ કામ કરી શકતા નહોતા. પોતે કારખાનામાં કામ કરી ગુજરાન ચલાવે છે. આવતા મહીને ૯ ડિસેમ્બરે બહેન આરતીના લગ્ન હોવાથી સુરેન્દ્રનગરની જાન આવવાની હતી. બહેનના લગ્ન સુરેન્દ્રનગરના રતનપરના હીરાભાઈ કરસનભાઈ વાઘેલાના પુત્ર હેમંત સાથે નક્કી થયા છે. કંકોત્રી પણ છપાઈ ગઈ છે.

અજયે વધુમાં જણાવ્યું કે, પિતાને સગાસંબંધીઓ પાસેથી લગ્ન ખર્ચ માટે પૈસા લેવાના હતા પણ જેની પાસે પૈસા લેવા ગયાં તેણે પોતાની પાસે જુની રદ થઈ ગયેલી નોટો જ હોવાનું કહ્યું હતું. દીકરીનો લગ્ન પ્રસંગ માથે હોઈ અને પૈસાની વ્યવસ્થા થઈ ન હોઈ તે સતત ચિંતામાં રહેતા હતા. રાત્રે જ તેમણે જમીને કહ્યું હતું કે પોતે સવારે વહેલા ઉઠીને પૈસાની વ્યવસ્થા કરવા જવાના છે. સવારે ચાર વાગ્યે પાણી આવતા માતા લીલાબેન ઉઠ્યાં હતા. ત્યારે પિતા પણ ઉઠ્યા હતાં અને પોતે પૈસા લેવા જવાના છે. તેવી વાત ફરીથી કરી હતી અને તે પછી રૂમમાં જતાં રહ્યાં હતા.

જે અરસામાં તેમણે ગળાફાંસો ખાઈ લીધો હતો. ઉલ્લેખનીય છે કે જે આંગણે દીકરીના લગ્નના ગીતો ગવાવાની તૈયારીઓ થઈ રહી હતી ત્યાં પિતાના મરશિયા ગાવાની વેળા આવતાં પરિવારજનો પર દુઃખનું આભ તુટી પડ્યું છે. કન્યાદાન કરનાર પિતા જ હયાત ન રહેતા દીકરી પણ ઘેરા શોકમાં સરી પડી છે. કારણે કે દીકરીએ પોતાના હાથમાં મહેંદી લાગેલી જોઈ નથી ત્યાં મૃત પિતાને ચહેરો જોવાની સ્થિતિ સર્જાઈ છે.

# નોટ પર બેન બાદ કોંગ્રેસે આંદોલનનું ફૂંકેલું રણશીંગુ

અમદાવાદ, તા.૨૨

ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર ગુજરાતના ખેડુતો અને તેમના પરિવારજનો નોટબંધીના કારણે મરવાના વાંકે જીવતા હોય તેવી નિઃસહાય સ્થિતિમાં આવી ગયા હોવાનું જણાવતાં નવસર્જન ગુજરાતના પ્રહરી એવા પ્રમુખ ભરતસિંહ સોલંકી અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રોજબરોજના વ્યવહારો નહીં સચવાતા ૧૦૦થી વધુ લોકો અકાળે અવસાન પામ્યા જેના માટે વડાપ્રધાન પોતે જ જવાબદાર હોવાનો સીધો આરોપ લગાવ્યો છે.

નોટબંધીથી સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં પ્રજાને પડી રહેલી હાલાકીને વાચા આપવા કોંગ્રેસ દ્વારા આવતીકાલ બુધવારથી એક સપ્તાહ સુધી રાજ્યવ્યાપી આંદોલન કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત આ બન્ને નેતાઓ નોટબંધીને નિર્ણય વિશે શ્વેતપત્ર બહાર પાડવાની પણ કેન્દ્ર સમક્ષ માંગણી કરી હતી. વડાપ્રધાનને કોઈ તૈયારી વિના સસ્તી પ્રસિધ્ધી માટે ૧૦૦૦ અને ૫૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાના ઉતાવળે લીધેલા નિર્ણયથી ખાસ કરીને ગરીબોની સાથે ખેડુતો અને પશુપાલકો બેહાલ થઈ રહ્યાં છે.

ગુજરાત રાજયમાં પશુપાલકોનો અંદાજે ૨૫ હજાર કરોડ જેટલો દુધનો વેપાર છે, જ્યારે ખેડુતો

**આજથી એક સપ્તાહ સુધી રાજ્યવ્યાપી કાર્યક્રમની ઘોષણા શ્વેતપત્રની માંગણી ભરતસિંહ-વાઘેલાની પત્રકાર પરિષદ**

શાકભાજી ઉપરાંત રવિ અને ખરીફ પાકના ઉત્પાદન ઉપર પોતાના પરિવારનો જીવનનિર્વાહ કરતા હોય છે. આ ખેડુતોનો ૧૦૦ ટકા નાણાકીય વ્યવહાર સહકારી બેન્કો મારફત થતો હોય છે. પરંતુ પ્રથમ બે દિવસ બાદ સહકારી બેન્કો ઉપર મુકેલ પ્રતિબંધના કારણે ગઈ કાલ સુધી એક રૂપિયાની પણ લેતી દેતી થઈ નથી.

દુધ ડેરીમાં પશુપાલકો દુધ જમા કરાવતા હોવા છતાં બેન્કમાંથી નાણાં મળતા નથી, પરિણામે પશુપાલકો જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપરાંત પશુપાલન અને દુધ ઉત્પાદન માટેની ચીજવસ્તુઓ ખરીદી શકતા નથી એ જ રીતે અત્યારથી લગ્ન સીઝનમાં તેમના સામાજીક વ્યવહારો પણ ખોરવાઈ ગયા છે. જ્યારે માર્કેટ યાર્ડમાં ખરીદ વેચાણ બંધ થઈ જતાં ખેડુતોને શાકભાજી રોડ ઉપર નાંખી દેવું પડે છે. મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતો અને ગરીબ લોકો ત્રણ ત્રણ દિવસ સુધી લાઈનમાં ઉભા રહે છે, પરંતુ નંબર આવે ત્યારે બેન્કો કેશ ખલાશ થઈ ગઈ હોવાનું જણાવી ખેડુતોને અને ગરીબ માણસોને ભારે હાલાકીમાં મુકી રહ્યાં છે.

હવે સરકાર અને નાણાં વિભાગનું કોઈ નિયંત્રણ જ નહીં રહેતા આરબીઆઈ અને મોટાભાગની બેન્કો મનસ્વી નિર્ણય લઈ ખેડુતોની હાલાકી વધારી રહ્યાં છે. સેવા સહકારી મંડળીઓ તેમજ સહકારી બેન્કોમાં ખેડુતોના આર્થિક વ્યવહાર ઠપ્પ થઈ જતાં તેમની વર્ષોથી કરેલી પરસેવાની કમાણી પણ પરત મળતી નથી. વડાપ્રધાનના મળતિયાઓ અને ઉદ્યોગપતિઓ તેમની કાળી કમાણીનું સેટીંગ કરી સુખચેનથી ફરી રહ્યા છે.

મોદી સરકારે વગર વિચાર્યે અને આગોતરૂ આયોજન કર્યા વગર ભારતીય ચલણમાંથી હાઈ વેલ્યુ ધરાવતી ૫૦૦-૧૦૦૦ની જુની નોટો રાતોરાત બંધ કરવાનું મુર્ખામીભર્યું પગલું ભરીને છેલ્લા ૧૨ દિવસથી સમગ્ર દેશમાં જે આર્થિક અરાજકતા ઉભી કરી છે અને ભારતીય અર્થતંત્રને પારાવાર ગંભીર નુકસાન પહોંચાડ્યું છે.



અમદાવાદ તેરાપંથ મહિલા મંડળે તાજેતરમાં આઈએએસ અધિકારી ડૉ. જયંતિ રવિ સાથે શુભેચ્છા મુલાકાત યોજી સ્વચ્છ ભારત અભિયાનમાં મંડળે આપેલા યોગદાન અંગે ચર્ચા કરી હતી. ડૉ. જયંતિ રવિએ તેઓને શુભેચ્છા સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ શુભેચ્છા મુલાકાતમાં અમદાવાદ તેરાપંથ મહિલા મંડળના અગ્રણીઓ મધુ ડાગા, આદિતી શેખાણી, નીલમ જૈન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પીએચ.ડી. થયા

અનન્ય વિદ્યાલયમાં કેતનબેન હાજીપુરા પ્રિન્સીપાલ તરીકે સેવા આપી રહ્યા છે જેમણે એમ.ફીલની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.



કેતનબેને ગણપત યુનિવર્સિટી ખેરવામાં એમ.ફીલ.ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. તેમના સંશોધનનો વિષય બી.એડના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સિધ્ધી ઉપર રચનાવાદની અસર હતો તેમના માર્ગદર્શક ડૉ. તેજલ શેઠ હતા.

## રાજયકક્ષાએ અંડર-૧૭ અને ઓનપએજ ગૃપ વોલીબોલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વાર આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ ૨૦૧૬ રાજયકક્ષા અંડર-૧૭ અને ઓપનએજ ગૃપ વોલીબોલ (ભાઈઓ) સ્પર્ધાનું તા. ૨૨ નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન બ્લીસ ઈન્ટરનેસનલ પબ્લિક સ્કૂલ, માણસા ખાતે આયોજન કરવમાં આવ્યું છે.

આ સ્પર્ધાનું ઉદઘાટન તા. ૨૨ના રોજ જળસંચય નિગમ ગુજરાત રાજયના ચેરમેન ગણેશ ચૌધરી, ધારાસભ્ય અમિતભાઈ પટેલ, માણસા નગરપાલિકાના પ્રમુખ નીતાબેન પટેલ અને ભાજપના માણસા શહેરના પ્રમુખ યોગેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

# અણસોલ ગામમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૨૨

ભિલોડા તાલુકાના અણસોલ ગામમાં અણસોલ પ્રાથમીક શાળા નંબર.૧ માં લક્ષદિપ હેલ્થ કેર, ભિલોડા ધ્વારા સર્વરોગ નિદાન, સારવાર કેમ્પ યોજાયો હતો. સ્વ.ફુલચંદભાઈ ઘાસીરામ ઓડ, સ્વ.રમણભાઈ ફુલચંદભાઈ ઓડ, ભિલોડા સહયોગી રામસિંઘભાઈ ઓડના પરીવારજનો ધ્વારા શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે સર્વરોગ નિદાન,સારવાર કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ નિદાન કરાવી નિઃશુલ્ક દવાઓ, સારવાર મેળવી નિઃશુલ્ક દર્દીઓને અપાઈ હતી.

સ્વ.લક્ષ્મીબેન પરમાર, ફિમેલ હેલ્થ વર્કરની બે દિકરીઓ ધ્વારા શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે લક્ષદિપ હેલ્થ કેર ડૉ. વિશાલદેવ ડી.સાહેબ, ડૉ.શૈલદેવ ડી.સાહેબ ધ્વારા સર્વરોગ નિદાન,સારવાર કેમ્પમાં અણસોલ વિસ્તારના દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સ્વ.લક્ષ્મીબેન પરમાર, ફિમેલ હેલ્થ વર્કરને શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે બંન્ને ડૉક્ટર દિકરીઓ ધ્વારા લક્ષદિપ હેલ્થ માતૃઋણ અર્પણ કરવાના મુખ્ય ઉદ્દેશથી ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર નિઃશુલ્ક સારવાર, નિદાન અને દવાઓ આપવાનો સંકલ્પ લીધો છે. આજ દિન સુધીમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન,સારવારના સાત કેમ્પ પુર્ણ કર્યા છે. લક્ષદિપ હેલ્થ કેર ધ્વારા સર્વરોગ નિદાન કેમ્પમાં આજ દિન સુધીમાં ૪૫૦૦/-થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક સારવાર અને દવાઓ મેળવી આનંદની લાગણી અનુભવી રહ્યા છે. અણસોલમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પને સફળ બનાવવા કમજીભાઈ ભણાત સરપંચ અણસોલ ગ્રામ પંચાયત, રામસિંઘભાઈ ઓડ, રાજેશભાઈ નિનામા, દિલીપભાઈ પરમાર, કંદર્પ પટેલ, મેહુલ પટેલ, સંકેત ચૌધરી, ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

### માર્કેટની સ્થિતિ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં માર્કેટમાં આશરે ૧૪ લાખ કરોડ રૂપિયાની રકમ આવી છે. એટલે કે હજુ જુની નોટ પૈકી ૧૦ ટકા નોટ પણ બદલી શકાઈ નથી. આવી સ્થિતીમાં પરિસ્થિતીને હળવી કરવામાં વધારે સમય લાગી શકે છે. ૮મી નવેમ્બરની રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની જાહેરાત કર્યા બાદ અંધાધૂંધીનો દોર યથાવત રહ્યો છે. એટીએમ બંધ હોવાની સ્થિતિ લોકોનો ધસારો યથાવત રીતે જારી બેંકોને પણ મુશ્કેલી નડી રહી છે. આજે પણ લોકોએ વહેલી સવારથી એટીએમની બહાર લાંબી લાઈનો લગાવી હતી . જો કે હવે અગાઉ કરતા સ્થિતીમાં જોરદાર જોરદાર સુધારો થઈ રહ્યો છે. તમામ ટોચના સંબંધિત અધિકારી કામગીરીમાં લાગેલા છે. હાલમાં ૧૦ લાખ કરોડ રૂપિયાની નવી નોટ છાપવા માટેની જરૂર પડનાર છે. વર્તમાન સમયની ગતિ મુજબ જો બેંકો આગળ વધશે તો સાત સપ્તાહનો સમય હજુ લાગી શકે છે. આનો મતલબ એ થયો કે લોકોને હજુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. લોકો હાલમાં ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. ૮મીથી ૧૦મી નવેમ્બર વચ્ચેના ગાળામાં ૫૪૪૫૧૭ કરોડ રૂપિયાની જુની નોટ જમા તરીકે મળી ગઈ છે. આ આંકડો ખુબ મોટો છે.

**કંપની સમાચાર**

## મહિન્દ્રા ટ્રિન્ગોએ ગુજરાતમાં કામગીરી શરૂ કરી

### ગાંધીનગરમાં ટ્રેક્ટર્સ અને કૃષિ ઉપકરણો માટે પ્રથમ કસ્ટમ હાઈરિંગ કેન્દ્ર સ્થાપિત કર્યું

૧૭.૮ અબજ ડોલરના મહિન્દ્ર ગ્રુપનો ભાગ મહિન્દ્રાનું ફાર્મ ઈક્વિપમેન્ટ સેક્ટર (એફઈએસ)એ આજે ગુજરાતમાં ટ્રિન્ગો લોંચ કરવાની જાહેરાત કરી અને આ માટે તેના પ્રથમ કેન્દ્રનું ઉદ્ઘાટન ગાંધીનગર જિલ્લાના ચિલોડામાં કર્યું હતુ. ટ્રિન્ગો આધુનિક ડિજિટલ વિશિષ્ટ મોડલ છે. જે ખેડૂતોને તેમની ખેતીવાડીની જરૂરિયાતો પૂર્ણ કરવા ટ્રેક્ટરમાં રોકાણ કર્યા વિના ટ્રેક્ટર્સ અને ખેતીવાડી સાથે સંબંધિત અન્ય ઉપકરણો ભાડે આપે છે.

ટ્રિન્ગોના સીઈઓ અરવિંદ કુમારે ગુજરાતમાં કામગીરી લોંચ કરતાં કહ્યું હતું કે "અમને ગાંધીનગરમાં પ્રથમ કસ્ટમ હાઈરિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કરવાની ખુશી છે. ટ્રિન્ગો ખેડૂતોને ખેતીવાડીના આધુનિક ઉપકરણો સાથે સક્ષમ બનાવીને ગ્રામીણ સમૃદ્ધિ લાવવામાં પથપ્રદર્શક ભૂમિકા ભજવશે, જેથી કૃષિ ઉત્પાદકતા વધશે અને ખર્ચ ઘટશે. અમારા પ્રથમ કસ્ટમ હાઈરિંગ સેન્ટરને લોંચ કરવાની સાથે અમે ખેડૂતો સુધી સીધા પહોંચશું અને તેમને ખેતીવાડી માટે જરૂરી ઉપકરણોમાં રોકાણ કર્યા વિના રોજિંદા ધોરણે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા સક્ષમ બનાવીશુ. ઉપરાંત તે ગ્રામીણ રોજગારીનું સર્જન કરશે તથા જરૂરિયાત અને ઉપલબ્ધતા વચ્ચેનો ફરક દૂર કરવામાં મદદ કરશે, જે ખેડૂતોને વિવિધ પ્રકારના ટ્રેક્ટર સરળતાથી સુલભ કરશે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "ચિલોડા નાના અને સીમાંત ખેડૂતોની વધારે સંખ્યા ધરાવે છે, જેથી અહીં ખેતીવાડીમાં આધુનિક ઉપકરણોનો ઉપયોગ ઓછો થાય છે. પરિણામે કૃષિ ઉત્પાદકતા ઓછી છે. આ શહેરમાં ટ્રિન્ગો લોંચ થવાથી ખેડૂતોની સમસ્યાનું સમાધાન કરવામાં મદદ મળશે. ગુજરાત અમારા માટે મહત્વપૂર્ણ બજાર છે અને આગળ જતાં અમે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આ જ પ્રકારના કેન્દ્રો સ્થાપિત કરવાની યોજના ધરાવીએ છીએ. કર્ણાટક અને મહારાષ્ટ્રમાં અમે આ પ્રકારના કેન્દ્રો ધરાવીએ છીએ. અમારી ટેગલાઈન "અબ ટ્રેક્ટર કોલ કરો" છે એટલે ખેડૂતો '૧૮૬૦ ૨૬૬૨૬૬ ૮' (ટોલ ફ્રી નંબર) પર કોલ કરીને ટ્રિન્ગોના કોલ સેન્ટર સાથે જોડાઈ શકે છે.

### બંને ગૃહ ઠપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. સ્થિતિ સામાન્ય ન થતા કાર્યવાહીને દિવસભર માટે મોકૂફ કરાઈ હતી.લોકસભામાં પણ આવી જ સ્થિતિ રહી હતી. બંને ગૃહોની કામગીરી હવે બુધવારે ફરી શરૂ થશે. મોદીને બોલાવવાની માંગને લઈને ધાંધલ ધમાલ જારી રહી હતી. ભાજપના મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, અમે ચર્ચા માટે તૈયાર થઈ ગયા છે. જ્યારે અમે તૈયાર થઈ ગયા છે ત્યારે હવે વિપક્ષ પાસે કોઈ મુદ્દો નથી. અગાઉ ભાજપના સંસદીય દળની બેઠકમાં નોટબંધીને લઈને વિપક્ષના પ્રહાર વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાવનાશીલ બની ગયા હતા. તેમના ભાજપના સાંસદોને મોદીએ અપીલ કરતા કહ્યું હતું કે, નોટ ઉપર પ્રતિબંધ મુકવાના નિર્ણયની તરફેણ કરવામાં આવે તે જરૂરી છે.

### અભિપ્રાય માંગ્યા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિરોધ પક્ષો મોદી ઉપર પ્રહાર કરી રહ્યા છે. ૮મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી દેશભરમાં એટીએમ અને બેંકો ઉપર લાંબી લાઈનો જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં સામાન્ય લોકોની તકલીફનો મુદ્દો ઉઠાવીને વિરોધ પક્ષો મોદી અને ભાજપ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાને પોતાના ટ્વિટર એકાઉન્ટથી આજે સવારે ૧૧.૨૫ વાગે ટ્વિટ કરીને આ અંગે પ્રશ્નોની વાત કરી હતી. કરન્સી નોટના સંદર્ભમાં કરવામાં આવેલા નિર્ણય પર પોતાના અભિપ્રાય જાણવાના તમામ પ્રયાસ કરવાની શરૂઆત થઈ છે. ૧૦ સવાલ આમા પુછવામાં આવ્યા છે.

### પરિણામ જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. બીજી બાજુ તિરુપરમકુંદરમ સીટ ઉપર પણ જયલલિતાની પાર્ટીએ જીત મેળવી હતી. પુડુચેરીમાં મુખ્યમંત્રી નારણ સામીએ જીત મેળવી હતી. બીજી બાજુ ત્રિપુરામાં ડાબેરી મોરચાએ કોંગ્રેસ પાસેથી સીટ આંચકી લીધી હતી. અરુણાચલ પ્રદેશમાં પણ પેટા ચૂંટણી યોજાઈ હતી. તમામ જગ્યાઓએ પોતપોતાના ગઢને જાળવી રાખવામાં પક્ષો સફળ રહ્યા હતા. કોંગ્રેસને ફરી એકવાર નિરાશા હાથ લાગી હતી. પુડુચેરીમાં મુખ્યમંત્રી અને કોંગ્રેસી નેતા નારાયણ સામીની જીત બાદ સમર્થકો ખુબ જ ખુશ દેખાયા હતા.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

રખાવતાં હતાં. ભાભીના ત્રણે બાળકો પંદર વર્ષની મોહીની, બાર વર્ષનો બબલુ અને દસ વર્ષની પીંકી પોતાની માંના અકાળ અવસાનથી ગભરાયેલાં આંખમાં આંસુ સાથે પપ્પાને તિજોરી કબાટ અને પીપડાંમાંથી સામાન કાઢી કાઢીને જલ્દી જલ્દી નીચે લઈ જઈ રહ્યા હતા. જેથી તેનું વજન ઓછું થતાં બને તેટલા જલ્દી ઓરડો ખાલી કરી ધે.

તે સામાનમાં દેખાતી ભાભીની સ્મૃતિઓ, અવાજ મંજુને અતિતમાં લઈ જતા હતા.

નાની ભાભી તાળું મારીને ઝડપથી નીચે આવી ગઈ. મંજુએ ત્રણે બાળકોના માથે હાથ ફેરવી પ્રેમથી કહ્યું, 'અહીં હવે માનવો નહીં દાનવો વસે છે.'

### ગુલમહોર ● ૪ પાનાનું ચાલુ...

તમારી ભૂલ નથી. આમ થવાથી પણ સંબંધ તૂટી જાય છે.

રિલેશનશીપમાં કૉમ્યુનિકેશન અગત્યનું છે પણ એ બૉરિંગ ના બને એનું ધ્યાન પણ રાખવું જોઈએ. તમે તમારા સાથીને આખા દિવસની વાતો ટૂંકમાં કહો અને જે વાત અગત્યની હોય તે જ ડિટેઈલમાં કહો. દલીલબાજી ટાળો અને જો દલીલ કરવાની આવે તો પણ સાચું જ બોલો. દલીલબાજી હોય કે વાતચીત કરતા હો ત્યારે એકબીજા પ્રત્યે લાગણીશીલ રહો અને એકબીજા પ્રત્યે રિસ્પેક્ટ પણ રાખો. ક્યારેય તમારા સાથી પ્રત્યે જેલસ ના બનો. તમને જે પ્રૉબ્લેમ થયો હોય તે તમારા સાથીને અવશ્ય કહો. કેમ કે કોઈ વાત એવી પણ હોય કે તમે કહો તો જ પાર્ટનરને ખબર પડે. તમે ના કહો તો તમારા સાથીને બધી વાત ખબર પડી જાય એવું માનવાની કોઈ જરુર નથી. લાઈફ હંમેશા ઍન્જૉય કરો. સંબંધમાં શું ખૂટે છે, એને સમજીને એની ખોટ ભરપાઈ કરવા તમારે જ ટ્રાય કરવાનો છે અને સૉલ્યુશન પણ તમારે જ શોધવાનું છે અથવા સંબંધ ગુમાવવા તૈયાર રહો.

રિલેશનશીપમાં (૧) પ્રેમ, (૨) વિશ્વાસ, (૩) સમજણ, (૪) રિસ્પેક્ટ અને (૫) કાળજી અનિવાર્ય છે, એ વાત સાચી. પરંતુ દરેક રિલેશનશીપમાં સેક્સ પણ મહત્વનું છે. સેક્સની વાત આવે ત્યારે સભ્ય સમાજ સાવધાન થઈ જાય છે પરંતુ સમાજની રચનામાં સેક્સનું મહત્વ સ્વીકારવું જ પડે. એનો અનાદર થઈ શકે નહીં. જ્યારે બે વ્યક્તિ વચ્ચે લવ-ફિલિંગ્સ્ આવે છે ત્યારે હાથના સ્પર્શથી લાગણીનું આદાનપ્રદાન સેક્સ સુધી પહોંચે છે. આમ આ લવ-ફિલિંગ્સ્ જ બે વ્યક્તિને ફિઝિકલી ઍન્ડ મેન્ટલી એકબીજાની નજીક લાવી દે છે. પ્રેમમાં સેક્સ અંગે પણ બે વ્યક્તિ દિલ ખોલીને વાત કરી શકે એટલી નિખાલસતા રહેવી જોઈએ. અન્યથા એવા દંભી રિલેશનનો કોઈ અર્થ નથી.

**જસ્ટ ટ્વિટ :**

"ભીતર ભીતર વાગી રહી છે તાળી સાંભળ,
ઉપરછલ્લી, કર્કશ તારી વાતો ના કર!"

ડૉ.મહેશ રાવલ

### ઉપાધી આણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે લગ્ન પ્રસંગે ગામને નોંતરુ આપી બેઠેલા વર કન્યા તેમજ તેમના માતાપિતા અને પરિવારજનોની હાલત બદતર બની છે. શરતોનુ પાલન કરવાની વિધિ પણ લોન કરતા આકરી પુરવાર થઈ રહી છે. ઘેર માંડવો બાંધવાના ટાંણે સમય ન હોય તેવા કિસ્સામાં બેંકોના જડ વલણના લીધે પરિવારજનોએ લગ્નપ્રસંગ નહીં પણ ઉપાધી વોહરી લીધી હોવાની લાગણી અનુભવી રહયા છે. હદ તો ત્યાં થાય છે કે વિચિત્ર શરતોનુ પાલન કરવાની પણોંજણ સ્વીકારો તો લગ્નની તારીખ જતી રહે તેવી દશા આ પરિવારજનોની થઈ છે.

નોટબંધી બાદ રોજબરોજ નિયમો બદલાતા આમ નાગરિકો પરેશાનીમાં મુકાઈ ગયા છે. નોટ બદલી આપવાની રકમ પણ ઘટાડી દેવામાં આવી છે. જયારે દસ દિવસના અંતે પણ મોર્નિંગ બેલની સાથે આમ આદમી બેંકના દરવાજે પહોંચવાની દોડધામમાં લાગી જાય છે. બીજીતરફ લગ્નસરાની સિઝન નિખરી છે. ત્યારે નોટબંધીનો મામલો લગ્ન પ્રસંગ ધરાવતા પરિવારજનો માટે ઉપાધી રૂપ સાબિત થયો છે. રીઝર્વ બેંકે રૂ ૨.૫૦ લાખની રકમ ઉપાડવાની છુટ આપી સામે એટલી બધી વિચિત્ર અને આકરી શરતો મુકી દિધી છે. કે આ સોહામણી જાહેરાત કંકોત્રી હાથમાં રાખી બેંકમાં જાવ ત્યારે બિહામણી પુરવાર થાય છે. લગ્ન પ્રસંગના કિસ્સામાં વર કન્યા બન્ને પક્ષે દોડધામ અને ચિંતા વધી ગઈ છે. નોટબંધીનો નિર્ણય આવા પરિવારજનો માટે આફતરૂપ પુરવાર થયો હોવાની લાગણી સાથે નાગરિકો આગ બબુલા બન્યા છે. જેના પરિણામે ઘરે લગ્ન હોય તેવા ઉત્સવના ટાંણે પણ પરિવારજનો નિરાશાની ગર્તામાં જોવા મળે છે. પૈસાના અભાવે વ્યવ્હારો અટવાયા છે. બજારમાં આર્થિક વ્યવ્હારો આમપણ નહીંવત બન્યા છે. ત્યારે સામાન્ય માણસ હવે હદ થઈ હોવાની લાગણી સાથે પોતાના જ પૈસા બેંકમાંથી ઉપાડવા માટે પ્રસંગની ઘડીઓ સાચવવી કે કપરી કસોટી સમાન શરતોનુ પાલન કરવુ તે વાતે ગુંગળામણ અનુભવી રહયા છે. બેંક કક્ષાએથી પણ આવા પરિવારજનોને ધક્કે ચઢાવામાં આવતા હોવાનો રોષ ભભુક્યો છે.

### મુંબઈ સ્ટોક એક્ષચેન્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધપાવતાં ગુજરાતમાં ૨૦ બિલીયન ડોલર્સના ખર્ચે ગિફટ સિટી મેગા પ્રોજેકટ શરૂ કર્યો છે. ભારત સરકારે ગિફટ સિટીને દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસીસ સેન્ટર નોટિફાય કર્યુ છે.

મુખ્યમંત્રીએ આ ગિફટ સિટીમાં બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જ તેનું ઈન્ટરનેશનલ ટ્રેડિંગ ઓપરેશન શરૂ કરવાનું છે તેનો આનંદ વ્યકત કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના અવસરે તા. ૯ જાન્યુઆરી-૨૦૧૭એ એનું ઉદઘાટન કરવાના છે તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું.

ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સેન્ટરમાં મુંબઈ શેરબજારને પણ સ્થાન મળશે અને વિદેશી કંપનીઓ વિદેશી મુદ્રા સાથે શેર લિસ્ટીંગને પણ અનુમતિ અપાશે તેમજ ગાંધીનગરથી સિંગાપુર-દુબઈ જેવા વિદેશોમાં વ્યાપાર કરી શકાશે. તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭માં સહભાગીતાનું ઉદ્યોગ જગતને ઈંજન આપતાં કે ગુજરાતમાં ઉદ્યોગો માટે શાંતિ, સલામતી સાથે મિત્રતાભર્યું વાતાવરણ છે. માળખાકીય સુવિધા સાથે કર રાહતોની સુવિધા પણ છે. વાયબ્રન્ટ ગુજરાતમાં પ્રથમવાર નોબલ પારિતોષિક વિજેતાઓ હાજર રહેશે. તેમના કૌશલ્ય જ્ઞાનનો વિનિયોગ પણ ઉપયુકત થશે.